Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2009
Valid Up to Dt. 31-12-2011

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LII] MONDAY, 5th SEPTEMBER, 2011/BHADRAPAD 14, 1933 [No. 48**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

**સુરત શહેર, મોજે : જીયાવ-સોનારી-ગભેણી વિસ્તારની નગર રચના યોજના, સુરત નં. ૬૭ (જીયાવ-સોનારી-ગભેણી) તૈયાર કરવા બાબત**

## અધિસુચન

નં. ટીપીડી/૩૨૦૪/૨૦૧૧.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૧૮/૨૦૧૧, તા. ૨૯-૦૮-૨૦૧૧થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૬૭ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ જીયાવ-સોનારી-ગભેણી વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૬૭ (જીયાવ-સોનારી-ગભેણી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટિસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત.
તા. ૩-૯-૨૦૧૧

(સહી) અવાચ્ય,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

ઠરાવ

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૯-૦૮-૨૦૧૧નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૧૮-૮-૨૦૧૧નાં પત્ર નં. સીમીસ/૮/૯થી વિદિત થઈ, ફાઈલના પાના નં. ૨૯૯ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સુચિત નગર રચના યોજના નં. ૬૭ (ભ્યાવ-સોનારી-ભલેથી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું, તેને બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તેમજ ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૧૮/૨૦૧૧ સર્વાનુમતે મંજુર

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT. COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.